(૧૫)

**પ્ર.૧ (ક) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો અને કયા પાઠમાં આવે છે? (૫)**

| | અર્થ | પાઠ |
|---|---|---|
| ૧. જોગં | **કાર્યોનો** | **સામાયિકનો છટ્ઠો પાઠ** |
| ૨. અપ્પકિલંતાણં | **ગઈ છે કિલામના આપની** | **પ્રતિક્રમણનો ૩ જો પાઠ** |
| ૩. મણામં | **મનને અતિ વહાલું** | **સંથારાનો પાઠ** |
| ૪. પરિગ્ગહિયં | **ગ્રહણ કરેલી હોય** | **૨ જું શ્રમણસૂત્ર** |
| ૫. આયારપ્પકપ્પેહિં | **આચાર પ્રકલ્પ** | **૪ થું શ્રમણસૂત્ર** |

**(ખ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. જૈનો ભગવાન કોને કહે છે?

**જ. જૈનો ભગવાનના બે ભાગ પાડે છે – ૧) દેહધારી ભગવાન અરિહંત, તીર્થંકર, ૨) દેહ છોડી દીધેલા (દેહ રહિત) ભગવાન સિદ્ધ છે.**

૨. કાઉસ્સગ્ગ કયો શબ્દ બોલીને પારવામાં આવે છે? કાઉસ્સગ્ગનું ફળ શું?

**જ. નમો અરિહંતાણં. ૧) આત્મા પાપકર્મના બોજથી હળવો થાય છે, ૨) શુભ ધ્યાનવાળો થાય છે, ૩) સુખ સમાધિમાં રહે છે.**

૩. ખંડિયં અને વિરાહિયંમાં શું ફરક છે?

**જ. વ્રતનો એકાંશે ભંગ એટલે ખંડિયં અને સર્વાંશે ભંગ એટલે વિરાહિયં.**

૪. પરિભોગની વસ્તુઓની મર્યાદાથી શું લાભ થાય છે?

**જ. ૧) ઈચ્છા ઓછી થાય છે, આવશ્યક્તાઓ ઘટે છે. ૨) જીવન સંતોષી અને ત્યાગી બને છે. ૩) ધર્મ આચરણ માટે વધુ સમય મળે છે. ૪) ઘણો મોટો કર્મબંધ અટકે છે.**

૫. કેટલી નરકથી આવેલા સાધુ–શ્રાવક થઈ શકે? ૧૨ વ્રતના અતિચાર કેટલા? શ્રાવકના અતિચાર કેટલા?

**જ. ૧ થી ૫ નરકથી આવેલા સાધુ, ૧ થી ૬ નરકથી આવેલા શ્રાવક થઈ શકે. ૭૫. ૯૯.**

(૫૫)

**પ્ર.૨ (ક) ગુણસ્થાનના આધારે જવાબ લખો. (૪૦)**

**(અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૨૪)**

૧. તેરમા ગુણસ્થાને કયા બોલ સહિત વિચરે?

**જ. સયોગ, સશરીર, કેવળજ્ઞાન, કેવળદર્શન, યથાખ્યાત ચારિત્ર, ક્ષાયક સમકિત, શુક્લધ્યાન, શુક્લલેશ્યા, પંડિતવીર્ય, અનંતવીર્ય.**

૨. ગુણસ્થાન એટલે શું? તેના દ્વાર કેટલા છે? ૫ થી ૮ ગુણસ્થાનના નામ લખો.

**જ. મોહ અને યોગના કારણે આત્માના જ્ઞાન, દર્શન અને ચારિત્ર ગુણોની વધતી–ઘટતી અવસ્થા. જ્ઞાન આદિ ગુણોનું સ્થાન. આત્માના વિકાસ કે પતનની ક્રમિક અવસ્થા. ૨૨ દ્વાર છે ૫) દેશવિરતિ ૬) પ્રમત્ત સંયતિ ૭) અપ્રમત્ત સંયતિ ૮) નિવર્તિ બાદર.**

૩. અપ્રત્યાખ્યાની કષાયનો ક્ષયોપશમ કયા ગુણસ્થાને છે? તે ગુણસ્થાનનું નામ, ફળ અને ગતિ લખો.

**જ. ૫ મા દેશવિરતિ ગુણસ્થાને. તેનું ફળ – તે જીવ જઘન્ય ત્રીજે ભવે ઉત્કૃષ્ટ ૧૫ ભવે મોક્ષમાં જાય. શ્રાવકપણું એક ભવમાં જઘન્ય એકવાર ઉત્કૃષ્ટ પ્રત્યેક હજારવાર આવે. ગતિ – જઘન્ય પહેલે દેવલોકે ઉત્કૃષ્ટ ૧૨ મે દેવલોકે ઉપજે.**

૪. નવમા ગુણસ્થાને ભાવ, કારણ, ક્રિયા, યોગ, ચારિત્ર અને ધ્યાન કેટલા? માત્ર સંખ્યા લખો.

**જ. ભાવ–૫, કારણ–૨, ક્રિયા–૧૫, યોગ–૯, ચારિત્ર–૨, ધ્યાન–૧.**

૫. શ્રેણીમાં સંઘયણ કેટલા? કયા કયા? વજ્રઋષભનારાચ સંઘયણવાળો કઈ શ્રેણી કરે?

**જ. ૩, વજ્રઋષભનારાચ સંઘયણ, ઋષભનારાચ સંઘયણ, નારાચ સંઘયણ. ઉપશમ અને ક્ષપક.**

૬. પહેલા ગુણસ્થાને સત્તા, ચોથા ગુણસ્થાને નિર્જરા, બારમા ગુણસ્થાને ઉદીરણા કેટલી અને કઈ કઈ?

**જ. ૧ લા ગુણસ્થાને–૮ કર્મની સત્તા, ૪ થા ગુણસ્થાને–૮ કર્મની નિર્જરા, ૧૨ મા ગુણસ્થાને–૫ કે ૨ કર્મની ઉદીરણા – ૫ ની કરે તો આયુષ્ય,વેદનીય અને મોહનીય વર્જી, ૨ કર્મની કરે તો નામ અને ગોત્રની.**

૭. સાહરણ દ્વાર લખો.

**જ. આર્યાજી (સાધ્વી), અવેદી, પરિહાર વિશુદ્ધ ચારિત્રવંત, પુલાક લબ્ધિવંત, અપ્રમત્ત સાધુ, ૧૪ પૂર્વી સાધુ, આહારક શરીર અને કેવળીનું કોઈ દેવતા સાહરણ કરી શકે નહિ.**

૮. જેની સ્થિતિ ૬ આવલિકાની છે તે ગુણસ્થાને બંધ, સમકિત અને ઉપયોગ કેટલા અને કયા કયા?

**જ. બંધ–૭ અથવા ૮, ૭ નો કરે તો આયુષ્ય વર્જી, સમકિત–૧ સાસ્વાદન સમકિત, ઉપયોગ–૬ ૩ જ્ઞાન અને ૩ દર્શન.**

**(આ) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૬)**

૧. છટ્ઠા ગુણસ્થાનની સ્પર્શના લખો.

**જ. અધોલોકમાંની વપ્રા, સલિલાવતી વિજયથી ૯ ગ્રૈવેયક.**

૨. અગિયારમા ગુણસ્થાને માર્ગણા કેટલી અને કઈ કઈ?

**જ. ૨, ચડવું નથી, પડે તો ૧૦ મે ૪ થે આવે.**

૩. ચૌદમા ગુણસ્થાનની સ્થિતિ કેટલા સમયની?

**જ. પંચ લઘુ અક્ષર ઉચ્ચાર કાલ પ્રમાણ.**

૪. બારમા ગુણસ્થાને પરિષહ કેટલા અને કયા કયા?

**જ. ૧૪, ૧૧ વેદનીય, ૨ જ્ઞાનાવરણીય, ૧ અંતરાય.**

૫. બીજા ગુણસ્થાને હેતુ કેટલા અને નિર્જરા કેટલા કર્મની?

**જ. ૫૦, ૮ કર્મની.**

૬. ચૌદમું ગુણસ્થાન લોકનો કેટલો ભાગ સ્પર્શે?

**જ. લોકનો અસંખ્યાતમો ભાગ.**

**(ઇ) ખાલી જગ્યા પૂરો. (૬)**

| | **જવાબ** |
|---|---|
| ૧. અપડિવાઈ અમર ગુણસ્થાન ...... અને ...... છે. | **બારમું, તેરમું** |
| ૨. દશમે ગુણસ્થાને ..... દંડક અને ..... જીવાયોનિ છે. | **મનુષ્યનો, ૧૪ લાખ** |
| ૩. સામાયિક ચારિત્ર ...... થી ...... ગુણસ્થાને હોય. | **૬,૯** |
| ૪. પાંચમા ગુણસ્થાને ...... અને ...... દંડક હોય. | **મનુષ્ય, તિર્યંચ પંચેન્દ્રિય** |
| ૫. સિદ્ધમાં ....... અને ...... ભાવ હોય. | **ક્ષાયિક, પારિણામિક** |
| ૬. કેવળજ્ઞાનમાં ઈરિયાવહિયા ક્રિયા ...... અને ...... ગુણસ્થાને હોય. | **તેરમે, ચૌદમે** |

**(ઈ) નીચેનામાં કેટલા અને કયા ગુણસ્થાન હોય? (૪)**

૧. પરિહારવિશુદ્ધ ચારિત્ર – **૬,૭. પ્રમત્ત સંયતિ, અપ્રમત્ત સંયતિ.**

૨. સવેદી મન:પર્યવજ્ઞાની – **૬ થી ૯. પ્રમત્ત સંયતિ, અપ્રમત્ત સંયતિ, નિવર્તિ બાદર, અનિવર્તિ બાદર.**

૩. રૌદ્રધ્યાની સાધુ – **હોય જ નહિ.**

૪. અનંતા જીવ – **૧, મિથ્યાત્વ.**

**(ખ) જીવ પરિણામ પદ – અજીવ પરિણામ પદના આધારે જવાબ લખો. (૧૫)**

**(અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૩)**

૧. કયા કયા સમાન ગુણોનું બંધન ન થાય? (૩)

**જ. સમાન ગુણ સ્નિગ્ધનું સમાન ગુણ સ્નિગ્ધ સાથે, સમાન ગુણ રૂક્ષનું રૂક્ષ સાથે, જઘ. ગુણ સ્નિગ્ધનું જઘ.**

**ગુણ રૂક્ષ સાથે.**

૨. પરિણામ એટલે શું? દષ્ટિ પરિણામ અને વેદ પરિણામ કેટલા? (૨×૫)

**જ. દ્રવ્યનું વિવિધ પર્યાયરૂપે પરિણમન થવું. ૩ અને ૪.**

૩. વીંછીને ઈન્દ્રિય, ચારિત્ર, લેશ્યા અને જ્ઞાન કેટલા અને કયા કયા?

**જ. ચાર – સ્પર્શનેન્દ્રિય–રસનેન્દ્રિય–ઘ્રાણેન્દ્રિય–ચક્ષુઈન્દ્રિય, એકપણ નહિ, ૩ – કૃષ્ણ–નીલ–કાપોત, અપર્યાપ્તામાં બે જ્ઞાન+ બે અજ્ઞાન – મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન. પર્યાપ્તમાં બે અજ્ઞાન – મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન.**

૪. ખંડ ભેદ અને હ્રસ્વ ગતિ એટલે શું?

**જ. ખંડ ભેદ – કટકાની જેમ. લોઢું, તાંબુ, સીસું, સોના, ચાંદી વગેરેના ટુકડાના રૂપમાં જે ભેદ થાય છે તે. હ્રસ્વ ગતિ – નાની ગતિ. જેમ કોઈ પુદ્ગલ તેની પાસેના જ પહેલા, બીજા કે ત્રીજા આકાશપ્રદેશને સ્પર્શ કરી ચાલે તે.**

૫. રસ કેટલા છે? સબરસ કોને કહેવાય? શા માટે?

**જ. રસ ૫ છે – તીખો, કડવો, કસાયેલો, ખાટો, મીઠો. ખારા રસને કારણ કે તે પાંચે રસમાં ભળે છે.**

૬. લાંતક દેવલોક, કીડી, તેઉકાય અને મનુષ્યમાં કુલ પરિણામ કેટલા? માત્ર સંખ્યા લખો.

**જ. લાંતક દેવલોક – ૨૭, કીડી – ૨૩, તેઉકાય – ૧૭, મનુષ્ય – ૪૭.**

**(આ) માગ્યા પ્રમાણે જવાબ લખો. (૨)**

૧. પંકપ્રભામાં લેશ્યા – **૧** ૨. કીડીમાં દષ્ટિ – **૨** ૩. વજહીરામાં ગતિ – **૧** ૪. મહાકાળમાં ઈન્દ્રિય – **૫**

(૧૦)

**પ્ર.૩ સંસ્કાર વિભાગના આધારે જવાબ લખો.**

**(અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૮)**

૧. દ્વેષ કોણે ન કર્યો? તેઓ ભાવિમાં શું થશે? ધર્મનું મૂળ શું છે? અવગુણ શું લાવે છે?

**જ. રાજા શ્રેણિકે. તીર્થંકર. વિનય, દુર્ગુણો.**

૨. સમય કેવો છે? કયો સમય બગડે છે અને કયો સમય સુધરે છે?

**જ. સોના – રત્ન કરતા કિંમતી. જે સમય સંસારમાં છે તે બગડે છે. જે સમય ધર્મમાં છે તે સુધરે છે.**

૩. ક્રોધને ક્ષમાથી જીતવાની સાધના કરવાનો ચોથો અને છટ્ઠો મુદ્દો લખો.

**જ. ૪) વસ્તુ ઓછી – વધુ ન ચલાવું તો શરીર, મન અને આત્માનું નુક્સાન થાય. ૬) અવાજ ધીમો રાખું, મૌન રાખું.**

૪. પરનિંદાથી કેવી રીતે બચી શકાય? અપકારી પર દ્વેષ ન આવે તે માટે શું કરવું જોઈએ?

**જ. બીજાના વિષે જેટલું ઓછું જાણીએ એટલા પરનિંદાથી બચી શકાય. વિચારોમાં વિશાળતા હોય તો.**

**(આ) ખાલી જગ્યા પૂરો. (૨)**

| | **જવાબ** |
|---|---|
| ૧. ...... ના ઉદયથી મળ્યું એમાં માન શું કરવું? | **પુણ્ય** |
| ૨. સુખી થવું હોય તો ..... રાખવી નહિ. | **અપેક્ષા** |
| ૩. ધનની મૂડી કરતા ...... ની મૂડી ઊંચી. | **સંબંધો** |
| ૪. વડીલોના હૃદય બાળીશ તો ...... મળશે. | **અશાંતિ** |

(૧૦)

**પ્ર.૪ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. મહાશતકની ૧૩ પત્નીઓ પાસે કેટલી સંપત્તિ હતી? રેવતી મરીને ક્યાં ઉત્પન્ન થઈ?

**જ. રેવતી પાસે આઠ કરોડ સોનામહોર તથા ૧૦–૧૦ હજાર ગાયોના આઠ ગોકુળ હતા. શેષ બાર પત્નીઓ પાસે ૧–૧ કરોડ સોનામહોર તથા ૧૦–૧૦ હજાર ગાયોનું એક ગોકુળ હતું. રેવતી મરીને પ્રથમ રત્નપ્રભા**

**નરકમાં લોલુપાચ્યુત નામના નરકાવાસમાં ૮૪,૦૦૦ વર્ષની સ્થિતિએ નરકમાં ઉત્પન્ન થઈ.**

૨. મહાશતકને અવધિજ્ઞાન કેવી રીતે ઉત્પન્ન થયું? તેઓને દક્ષિણ દિશામાં ક્યાં સુધીનું થયું?

**જ. શુભ અધ્યવસાય, શુભ પરિણામ, વિશુદ્ધ લેશ્યા અને અવધિજ્ઞાનાવરણીયના ક્ષયોપશમાથી. દક્ષિણ દિશામાં એક હજાર યોજન સુધીના લવણસમુદ્રનું ક્ષેત્ર.**

૩. માકંદી પુત્રોને દેવીએ દક્ષિણ દિશા સંબંધી શું સૂચના આપી?

**જ. દક્ષિણ દિશામાં વનખંડમાં એક મોટો સર્પ રહે છે. તે ઉગ્ર વિષવાળો, મોટા શરીરવાળો, નેત્રના વિષથી પૂર્ણ, આંખોથી લાલ, હજારો મનુષ્યોનો ઘાતક હોવાથી તમારે તે તરફ જવું નહિ અન્યથા તમારા શરીરનો નાશ થઈ જશે.**

૪. રયણાદેવીના વચનો સાંભળી કોનું મન ઢીલું પડ્યું? તેનું પરિણામ શું આવ્યું?

**જ. જિનરક્ષિતનું. રત્નાદેવીના સરળ, મધુર વચનોથી જિનરક્ષિત ચલાયમાન થઈ ગયો અને વિવશ થઈને પાછળ તેના તરફ જોવા લાગ્યો. તેથી શૈલક યક્ષે તેને પીઠ પરથી નીચે ફેંકી દીધો. તે નીચે પાણીમાં પડે તે પહેલા દેવીએ તેને તલવારની ધાર પર પક્ડ્યો અને તેના ટુકડે ટુકડા કરી નાંખ્યા.**

૫. માકંદી પુત્રો રત્નદ્વીપ પર પહોંચ્યા ત્યારે ત્યાં કોણ મળ્યું? તેમણે શું કહ્યું?

**જ. રત્નાદેવી. ઓ માકંદીપુત્રો ! મોતની ઈચ્છા કરવાવાળા, જો તમે મારી સાથે વિપુલ કામભોગ ભોગવતા રહેશો તો તમારું જીવન સુરક્ષિત રહેશે, અન્યથા આ તલવાર વડે તમારા મસ્તકને ફળની કાપીને નિર્જન સ્થાનમાં ફેંકી દઈશ.**

(૧૦)

**પ્ર.૫ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. લોકો કહે છે **ધનથી જીવાય છે, વીતરાગ કહે છે જ્ઞાનથી જીવાય છે, જ્ઞાનને ઠોસ કરવા દુનિયાથી જુદું જીવવું છે... ભ્રમમાં... હું તો માનું છું, હું જે સમજું છું, જ્ઞાની કહે છે ભ્રમમાં જીવે છે તું, ગુરુકૃપાએ** ભ્રમ તોડવા.

૨. પરમેશ્વરનો **ડર ના લાગે, ના ડર છે પરભવનો, જીવતર એળે છે તો યે પણ, ખ્યાલ નથી આ ભવનો, રંગ રાગની પાછળ આવે, જે આરો** રડવાનો.

૩. ધગધગતું **ઊકળતું સીસું, હવે નથી પીવું, ભાલા બરછી શસ્ત્રો વાગે, ક્ષણ ક્ષણ સહુથી બીઉં, કરવતની એ તીક્ષ્ણ ધારે, હવે નથી** કપાવું.

૪. રાંધી **સંગમે ચરણોમાં ખીર, તો યે અડગ રહ્યા મહાવીર, જેની સમતાના ગાન, મળે જગતમાં માન, મહાસંત ગોવાળે કાનમાં ભોંક્યા ખીલા, તો યે રોષ ન કરે રંગીલા, ધીર વીર ગંભીર, મૂકે** ચરણોમાં શીશ.